सत्यमेव जयते

# અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૨૮/૦૩/૨૦૨૫
રજુ. તારીખ : ૨૮/૦૩/૨૦૨૫
ફેસલ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦ – ૧૧ –૧૪

**ફોજદારી કેસ નંબર : ૧૪૬૭/૨૦૨૫.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

વિરૂધ્ધ

આરોપી :– **અહમદભાઈ લાલુભાઈ બેલીમ,**
રહે. જૂનાગઢ, મેમણ જમાતના ડેલામાં,

**આરોપ :– ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૬ મુજબ**

**–: ઠ રા વ :–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૮/૦૮/૨૦૨૩ ના કલાક ૧૯:૩૦ વાગ્યાના અરસામાં જૂનાગઢ મજેવડી ચોકી પાસે પોતાના સગીર વયના બાળકને સુઝુકી બર્ગમેન મોટર સાયકલ રજી.નં.જી.જે.–૧૧–સી.કે.–૬૫૦૬ રોડ ઉપર આવતા જતા અન્ય રાહદારી તથા વાહન ચાલકો તથા પોતાના બાળકની શારીરિક સલામતી જોખમમાં મુકાય તેવું સ્પષ્ટ જાણવા છતાં પોતાના સગીર બાળકને જોખમી રીતે સ્કુટર ચલાવવા આપી બેદરકારીપૂર્વકનું કૃત્ય કરી ગુનો કરેલ હોવાની ફરિયાદ, ફરિયાદીએ જૂનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

(૨) આજરોજ આરોપી હાજર હોય આરોપી તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપી ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

(૩) આરોપીની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીની ગુનાની કબુલાત સ્વીકારવામાં આવે છે, આરોપી ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી **અહમદભાઈ લાલુભાઈ બેલીમ,** રહે. જૂનાગઢ મેમણ જમાના ડેલા વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ અને ૩૩૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂા.૧,૦૦૦/-** (અંકે રૂપિયા એક હજાર પુરા) તથા ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૩૬ મુજબના ગુનામાં **રૂા.૫૦૦/-** (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૪મી**, માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સહી કરી રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**

**એમ.એમ. નં............. તા..................... થી**
**રૂા................................ દંડના વસુલ લીધા.**

**નાઝીર,**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.**